## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગાય, આખલા પાસે વારે ઘડીયે હાથ પગ તોડાવીને અહીયા સાહેબ પાસે આવી જાવ છો...!! એકવાર ઢોર પકડ શાખામાં તો જાવ...!!

## આજે ચિલોડા ખાતે ભવ્ય તુલસીવિવાહ કાર્યક્રમ યોજાશે

તાલુકાના ચિલોડા મોટા ખાતે દર વર્ષની પરંપરા મુજબ આશો સુદ-૧૩ ગુરૂવાર, તા. ૨જી નવેમ્બરના રોજ બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી ઉમિયાનગર સોસાયટીમાં તુલસીવિવાહ પ્રસંગનો ભવ્ય કાર્યક્રમ જનક મહિલા મંડળ તથા કૃષ્ણ મહિલા ભજન મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાશે. આ ધાર્મિક ઉત્સવમાં સવારે ૯ વાગે રામજી મંદિરથી ભગવાન લાલજીની ભવ્ય શોભાયાત્રા વાજતેગાજતે નીકળશે. ત્યારબાદ જાનનું આગમન બપોરે ૧.૩૦ વાગે તેમજ બપોરે ૨ વાગે હસ્તમેળાપ શાસ્ત્રોગત વિધિ પ્રમાણે યોજાશે.

## કોંગ્રેસે રાષ્ટ્રવાદ ભાજપની પાસે શીખવાની જરૂર નથી : અહેમદ પટેલ

ભરૂચની હોસ્પિટલનો પૂર્વ કર્મચારી આંતકવાદી તરીકે પકડાતાં ભાજપ દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતા એહમદ પટેલ પર કરેલા ગંભીર આક્ષેપોનો આજે એહમદ પટેલે જોરદાર જવાબ આપ્યો હતો. ભાજપ પર સણસણતા ચાબખા વરસાવતાં એહમદ પટેલે જણાવ્યું હતું કે, જો વાત માત્ર હોસ્પિટલની જ હોય તો, આ હોસ્પિટલનું ઉદ્ઘાટન નરેન્દ્ર મોદીએ કર્યું હતું, તો તેમની સામે કેમ આક્ષેપો નથી થતાં. વળી, રાષ્ટ્રવાદ એ ભાજપ પાસેથી શીખવાની કોંગ્રેસે જરૂર નથી. કોંગ્રેસના લોહીમાં રાષ્ટ્રવાદની ભાવના કેળવાયેલી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે મેં ૨૦૧૫માં જ રાજીનામું આપી દીધુ હતું તો ય મારી પર ભાજપે ગંભીર આક્ષેપો કરી ગંદા રાજકારણને રંગ આપ્યો પરંતુ તો આ હોસ્પિટલનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે તે વખતે કર્યું હતુ તો કેમ ભાજપ આ મુદ્દે મૌન સેવીને બેઠી છે. આંતકવાદી પ્રવૃત્તિઓ સાથે કોંગ્રેસ પક્ષને કોઈ લેવાદેવા નથી કારણ કે, કોંગ્રેસના લોહીમાં અને નસેનસમાં રાષ્ટ્રવાદ અને દેશપ્રેમ છે. તેથી કોંગ્રેસે ભાજપ પાસેથી રાષ્ટ્રવાદ શીખવાની કોઈ જરૂર નથી.

# જિલ્લામાં ત્રણ માર્ગોના રીસરફેસીંગ માટે ૨. ૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે

### પ્રતાપુરા, ઇન્દ્રપુરા સહીત કુલ ૧૧ કિ.મી. માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ત્રણ માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગોના રીસરફેસીંગ માટે મંજુરી આપી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨.૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જિલ્લાના વિવિધ ગામો સાથે જોડાયેલા એપ્રોચ માર્ગ પૈકી કુલ ૧૧ કી મી ના માર્ગોને ચકાકચ બનાવવામાં આવશે.

શહેરમાં માર્ગ નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. સેકટરોમાં લાંબા સમયના અંતે માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં આંતરિક માર્ગો પર મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવતા ઘણાં સમયથી માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે માંગ ઉઠવા પામી હતી શહેરના સે ૧ થી ૩૦ માં માર્ગોની સુધારણા પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જો કે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ મંદગતિએ ચાલી રહ્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બીજીતરફ જિલ્લાના વિવિધ માર્ગોને અનુલક્ષીને પણ સુધારણાના કામોને મંજુરી આપવામાં આવી છે. જેમાં જિલ્લાના વિવિધ ત્રણ ગામોમાં માર્ગોના રીસરફેસીંગ માટે રૂ ૨.૭૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના પ્રતાપપુરા એપ્રોચ રોડ પર ૩.૧૫ કીમીના માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવશે. આ માર્ગના રીસરફેસીંગ પાછળ રૂ ૮૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

આ ઉપરાંત ઈન્દ્રપુરા એપ્રોચ માર્ગના ૨.૬૦ કી મી ના માર્ગને પણ ચકાચક બનાવાશે. જેની પાછળ રૂ ૭૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે હીલોલ ડેમલીયા માર્ગના ૫.૪૦ કી મી ના માર્ગના રીસરફેસીંગ માટે રૂ ૧.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જિલ્લામાં વિવિધ ત્રણ માર્ગોના કામોને મંજુરી આપવામાં આવી છે. જયારે આગામી સમયમાં આ કામો શરૂ કર દેવાશે.

# શહેરમાં વર્ચ્યુઅલ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણનું યુવા રોકાણકારોને ઘેલુ લાગ્યુ

### ઓનલાઈન મોબાઈલ એપ દ્વારા રોકાણમાં ઉંચા વળતર સાથે લિક્વીડીટીના કારણે આકર્ષણ : વૈશ્વિક માહોલમાં શહેરના યુવા રોકાણકારોનો પણ વધતો ઝોક

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના યુવા રોકાણકારોમાં આજકાલ વર્ચ્યુઅલ કરન્સીનું ઘેલુ વધતુ જાય છે. બીટકોઈન રિપ્પલ, એટીસી, એલસીસી સહિતની વિવિધ વર્ચ્યુઅલ કરન્સીમાં ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટનો ક્રેઝ વધવા પાછળ તેમાં વધુ વળતર મળતુ હોવા ઉપરાંત લિક્વીડીટી પણ સારી રહેતી હોવાનુ મનાય છે તેમજ મોબાઈલ એપ દ્વારા રોકાણને સરળતાથી ટ્રેક કરી શકાતો હોવાનો લાભ પણ મળી રહ્યો હોવાનું રોકાણકારો જણાવી રહ્યા છે. જો કે આ બાબતે કેટલા જોખમો રહેલા છે તે અંગે રોકાણકારોમાં ઘણી અસ્પષ્ટતા પ્રવર્તી રહી છે.

વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત અને ઝડપથી લોકપ્રિય બની રહેલ ક્રિપ્ટો કરન્સી જેમાં બીટકોઈન, ઈથેરિયમ, લાઈટ કોઈન વગેરે ઉપરાંત ભારતીય વર્ચ્યુઅલ કરન્સી એટીસી એલસીસી વગેરેમાં ગાંધીનગરના રોકાણકારોનો રસ વધી જવા પામ્યો છે. આમ તો હજુ ભારતમાં ક્રિપ્ટો કરન્સી કે વર્ચ્યુઅલ કરન્સી માટે કોઈ કાયદાકીય માળખુ કે રેગ્યુલેટરી બોડીનું ગઠન થયુ ના હોવા છતાં આ પ્રકારની કરન્સી માટે રોકાણકારોનો ઝોક વધી રહ્યો છે. ગાંધીનગરમાં પણ બીટકોઈન્સ બાદ હવે એટીસી જેવી કરન્સીમાં રોકાણ વધી રહ્યું છે. જેમાં યુવા રોકાણકારોનો ફાળો મુખ્ય છે. આ કરન્સીમાં રોકાણ માટે સીધા કંપની પ્રમોટર્સ અથવા વિવિધ એકચેન્જનો વિકલ્પ ઉપલબ્ધ છે. વળી, આ કરન્સીના બેલેન્સને મોબાઈલ રિચાર્જ વગેરેમાં ઉપયોગ કરી શકાય તે પ્રકારની વ્યવસ્થા પણ પ્રમોટર્સ દ્વારા પુરી પાડવામાં આવી રહી છે.

મોબાઈલ એપ થકી પોતાના રોકાણની પળેપળની સ્થિતિ જાણી શકાતી હોવાથી તથા તેમાં ટ્રાન્જેક્શન કરવુ સરળ બનતુ હોવાથી આ રોકાણ પ્રત્યે આકર્ષણ વધી રહ્યું છે. વળી આ પ્રકારના રોકાણમાં હાલ પ્રાપ્ત થઈ રહેલા ઊંચા વળતરથી પણ રોકાણકારો આકર્ષાઈ રહ્યાં છે અને જેના કારણે આ પ્રકારના રોકાણકારો મેળવી કમિશનની આવક રળવાના વ્યવસાયમાં પણ શહેરના યુવાનો જોડાઈ રહ્યાં છે.





### નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સરદાર પટેલ જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરાઈ

સરદાર પટેલની ૧૪૨મી જન્મજયંતિ નિમિતે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા યુથ હોસ્ટેલ, વિવિધ સંસ્થા, અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી વિવિધ કાર્યક્રમ તા.૩૧ ઓકટોબરના રોજ કરવામાં આવ્યું હતું.મોટીસંખ્યામાં યુવાનોએ રાષ્ટ્રીય એકતા દિવસ તથા સ્વચ્છતા અભિયાન અંતર્ગત શપથ લેવડાવ્યા હતા. સરદાર પટેલની તસ્વીર અને પ્રતિમા પર પુષ્પ અર્પણ કરવામાં આવ્યા હતા. શહેરના સે-૧૬ સ્થિત યુથ હોસ્ટેલ ખાતે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, બીએસએફ જવાનો, એનડીઆરએફના જવાનો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જયારે તાલુકા મથકોએ સરદાર પટેલના જીવન આધારીત વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.સરદાર પટેલના જીવન અને કાર્ય વિશે માર્ગદર્શન યુવકોને આપવામાં આવ્યું હતું.



પદ્માવતી ફિલ્મ અટકાવો : ગાંધીનગર ખાતે રાજપુત સમાજની મહિલાઓએ પદ્માવતી ફિલ્મની રજૂઆત અટકાવવાની માંગ સાથે દેખાવો કર્યા હતા. ઘ-૪ ખાતે યોજાયેલ કચ્છ કાઠિયાવાડ રાજપુત સમાજ મહિલા પાંખ દ્વારા દેખાવોમાં મોટી સંખ્યામાં રાજપુત સમાજની મહિલાઓ જોડાઈ હતી.

## પદ્માવતી ફિલ્મ અટકાવવા ભાજપની રજૂઆત

ભાજપ સરકાર વિરુદ્ધ વિવિધ સમાજ દ્વારા મોરચો માંડવામાં આવ્યો છે. ગુજરાતની ચૂંટણીમાં જ્ઞાતિવાદ ફેક્ટર ખૂબ જ અગત્યનું બની રહેશે તેવું વિશ્લેષકો માની રહ્યાં છે, ત્યારે ભાજપ દ્વારા ફિલ્મ 'પદ્માવતી'નો વિરોધ કરી ક્ષત્રિય અને રાજપૂત સમાજનો સાથ લેવા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. ભાજપના પ્રવક્તા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, ફિલ્મ 'પદ્માવતી' ગુજરાતમાં રિલીઝ ન થાય તે માટે કેન્દ્રીય ચૂંટણીપંચને રજૂઆત કરવામાં આવશે. આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું કે, બુધવારે કેન્દ્રીય ચૂંટણીપંચ સમક્ષ ગુજરાતમાં ફિલ્મ 'પદ્માવતી'ની રિલીઝ પર પ્રતિબંધની માંગણી કરાશે. ફિલ્મમાં ક્ષત્રિય અને રાજપૂત સમાજની લાગણી દુભાય તે રીતે ઈતિહાસને મરોડવાનું કામ કરાયું છે. ગુજરાતના ૧૭થી વધુ જિલ્લાઓમાંથી રાજપૂત અને ક્ષત્રિય સમાજ સહિત વિવિધ સમાજ દ્વારા ભાજપને રજૂઆત કરવામાં આવી હતી.

# અસલ દરબારી શંકર'સિંહ'ને મનાવવા ભાજપના ધમપછાડા....?

ગાંધીનગર, તા.૧

કોંગ્રેસથી છેડો ફાડી ને બહાર નીકળેલા શંકરસિંહ બાપુ કોંગ્રેસ માટે સમસ્યા બની રહ્યા છે પણ એનાથી વધુ મોટી સમસ્યા ભાજપ માટે બની રહ્યો છે શંકરસિંહ વાઘેલાનું વર્ચસ્વ. આમ જોવા જઈએ તો ક્ષત્રીય અને ઓ.બી.સી. વોટબેંક વધારે છે. આ જોતા ભાજપે પટેલને તડકે મૂકી ઓ.બી.સી. ને પકડવાનો કારસો કર્યો પણ એમાં સફળતા ન મળી.

અલ્પેશ ઠાકોર કુદીને કોંગ્રેસના પલ્લામાં જઈ રહ્યો છે તો જીગ્નેશ ને મનાવવો ભાજપ માટે સહેલું નથી. આ સંજોગોમાં ઓ.બી.સી. વોટબેંક પર કોઈ પ્રભુત્વ મેળવી શકે તેમ હોય તો એકમાત્ર શંકરસિંહ છે. અને તેમનેને મનાવવા માટે અમિત શાહે અનેક વાર કહેણ મોકલાવ્યા પરંતુ એમાં સફળતા મળી નથી.



અસલ દરબારી મિજાજના શંકરસિંહે ૧૯૯૫ માં ભાજપને થપાટ મારીને સ્વમાન માટે કોંગ્રેસ છોડવાથી બન્ને પાર્ટીની હાલત ખરાબ થઈ ગઈ કારણકે ૧૯૯૮ માં રા.જ.પા. માત્ર ૪ સીટ પર ૨.૫%થી વધુ વોટ લઈ ગયું હતું. અને આ ૨.૫%ને કારણે ભાજપને ગાડી પર બેસાડી ગયો હતો. આ વખતે પણ બાપુનું બ્યુગલ બદલે એમનું ટ્રેકટર ચાલી જાય તો ભાજપ અને કોંગ્રેસ માટે ૩૬ સીટો પર જીતવું અઘરું પડે તેમ છે. શંકરસિંહ ની આ તાકાત જામી જાય પછી કોંગ્રેસ જીગ્નેશ, અલ્પેશ ને બગલ માં લઈ રહ્યા છે. પણ ભાજપ માટે કોઈ રસ્તો નથી. ભાજપ ને શંકરસિંહને પોતાની બી ટીમ બનાવી તેમના વેવાઈ બળવંતસિંહને જી.આઈ.ડી.સી. માં ચેરમેન બનાવ્યા પરંતુ બાપુ માન્યા નથી. જેના કારણે ૪ નવેમ્બરે અમિત શાહે શંકરસિંહને મળવા માટે કહેણ મોકલાવ્યું છે. પરંતુ બાપુ ને ત્યાંથી કોઈ જવાબ આવ્યો નથી. જેના કારણે રઘવાયા થયેલા ભાજપે યાચકની ભૂમિકા માં રહેતા સોશિયલ મિડીયા દ્વારા બાપુના મિશનને ખરડવાની કોશિશ કરી રહ્યા છે. બાપુને અમિત શાહે પૈસા ન આપ્યા હોવાની ખોટી વાતો બજાર માં ફરતી કરી રહ્યા છે. બાપુનાં ચેહરાને ફરી એકવાર ખરડવાનું શરૂ કર્યું છે. એક જમાનામાં શંકરસિંહ પ્રમુખ હતા ત્યારે આજ બનેલા આવા કેટલાક લોકોએ મોદી સામે નિશાન તાક્યું હતું પણ હવે એમનોજ ઉપયોગ શંકરસિંહ સામે કરી રહ્યા છે. જેથી બાપુ ની તાકાત પર અસર પડે અને અઢી ટકાનો સ્વીંગ મેળવી ચુંટણીમાં નિર્ણાયક નાં બની શકે.

# મતદાર-જાગૃતિ અભિયાન માટે સોશ્યલ મિડિયા માટે ૨૦૦ ક્રિએશન પંચ દ્વારા થશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં મતદાર-જાગૃતિ અભિયાનમાં સોશ્યલ મિડિયા થકી ૨૦૦થી વધુ ક્રિએશન ચૂંટણી પંચ દ્વારા ફ્લોટ કરવામાં આવશે. આ માટે પંચ દ્વારા બે ખાસ એજન્સીઓ નિયત કરી દેવામાં આવેલ છે અને તેમાં એક એજન્સી દ્વારા ક્રિએશન તૈયાર કરવામાં આવશે જ્યારે બીજી એજન્સી પંચની વેબસાઈટ, ફેસબુક, ટ્વીટર પર તે ફ્લોટ કરશે. આ કામગીરીનો આરંભ થઈ ચુક્યો છે અને ૧.૫૦ લાખ જેટલી લાઈક્સ પણ અત્યાર સુધી મુકવામાં આવેલ ક્રિએશનને મળી હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

ગુજરાતમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી સંદર્ભે રાજ્યનું ચૂંટણી તંત્ર મતદાર જાગૃતિથી લઈ મતદાન સુધીની તમામ પ્રક્રિયાઓ માટે સુસજ્જ બન્યુ છે. અગાઉ પરંપરાગત માધ્યમથી મતદારોને જાગૃત કરાતા હતા પરંતુ સમય સાથે કદમ મિલાવી ચૂંટણી તંત્ર દ્વારા પરંપરાગત માધ્યમની સાથે આધુનિક મીડિયાના તમામ ઉપકરણનો ઉપયોગ કરી મતદારોને જાગૃત કરી રહ્યું છે. તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વપરાતા ઈવીએમ-વીવીપેટ જેવા મતદાન માટે જરૂરી સાધનોની તાલીમ તેના સંબંધિત અધિકારી-કર્મચારીઓને માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત આચાર સંહિતાના ભંગના કિસ્સામાં ચૂંટણી તંત્ર યોગ્ય કાર્યવાહી કરી રહ્યું છે.

બી.બી. સ્વૈને પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે રાજ્યમાં યોજાનાર ગુજરાત વિધાનસભા-૨૦૧૭ની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તે માટે ચૂંટણી તંત્ર કટિબદ્ધ છે. મતદારો વિધાનસભાની ચૂંટણીમાં મતદાનનાં દિવસે નિર્ભય બની મુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. યુવા અને મહિલા મતદારો, દિવ્યાંગજનો, ત્રીજી જાતિ, આદિજાતિ વિસ્તારના નાગરિકો અને આજીવિકા માટે સ્થળાંતરિત શ્રમિકોના મતદાર યાદીમાં નામ નોંધાય તેમજ યોગ્ય રીતે મતદાન કરી શકે તે હેતુથી ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (ઈવીએમ) તથા વોટર વેરિફાયબલ પેપર ઓડિટ ટ્રેઈલ (વીવીપેટ)ના ઉપયોગ અંગે પ્રત્યક્ષ જાણકારી આપીને માહિતગાર કરવામાં આવી રહ્યાં છે.

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદારોમાં જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં પોસ્ટર્સ-બેનર્સ પ્રદર્શિત કરવા, રેલી યોજવી, મતદાર જાગૃતિના પોસ્ટર્સની સ્પર્ધા યોજવી, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગ્રામ્ય-શહેરી વિસ્તારના જાહેર સ્થળો પર ઈ.વી.એમ.-વીવીપેટની જાણકારી આપવાના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ઉત્સવો-તહેવારો આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ તથા જુદી જુદી સ્થાનિક બોલીમાં લોકનૃત્યના કાર્યક્રમો તેમજ સોશિયલ મીડિયા પર પ્રચાર સામગ્રી નિયમિત મુકવા જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

# ગુજરાત ચૂંટણીને લઈ ૧.૭૯ લાખથી વધુ પોસ્ટર હટાવાયા

ગાંધીનગર, તા.૧

રાજયમાં યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય એ માટે ચૂંટણી તંત્ર સજ્જ બની ગયુ છે.ચૂંટણી સંદર્ભમાં રાજયભરમાંથી અત્યારસુધીમાં કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે ૨૪,૨૬૮ પરવાનાવાળા હથિયારો જમા લેવામા આવ્યા છે આ સાથે જ ૨૨૭ જેટલા પરવાના રદ કરવામા આવ્યા છે.રાજયના મુખ્ય નિર્વાચન્ અધિકારી બી.બી.સ્વૈને આજે એક પત્રકાર પરિષદમાં રાજયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી સંદર્ભમાં માહિતી આપતા કહ્યુ કે,રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજવા ચૂંટણી તંત્ર કટિબદ્ધ છે.મતદારો વિધાનસભાની ચૂંટણીમાં મતદાનના દિવસે નિર્ભય બની મુકત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો આયોજિત કરવામા આવી રહ્યા છે.કેન્દ્રીય ચૂંટણી તંત્ર દ્વારા રાજયની ચૂંટણીને ધ્યાનમાં લઈને ૩૪ જેટલા માસ્ટર ટ્રેનર્સની ટીમ બનાવવામા આવી છે.આ ટીમ દ્વારા રાજયના ચૂંટણી સાથે સંકળાયેલા વિવિધ સંવર્ગના ૫૦૦ થી વધુ ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારીઓને તાલિમ આપવામા આવી છે.રાજયમાં ચૂંટણી સરળ,અસરકારક અને ઝડપી બને તે માટે ચૂંટણીતંત્ર દ્વારા વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.તેના ભાગરૂપે મતદાર જાગૃતિ અભિયાનની સાથે મતદાનની પ્રકીયા પણ સરળ બને એ માટે ખાસ પ્રકારની તાલિમ આપવામા આવી રહી છે.તેમણે કહ્યુ કે,રાજયમાં ડિસેમ્બરમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.જેના ભાગરૂપે આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે.જે અંતર્ગત ચૂંટણી તંત્ર દ્વારા રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં ૩૧ ઓકટોબર સુધીમાં જાહેર મિલ્કત પરથી ૧,૬૩,૧૯૫ અને ખાનગી મિલ્કત પરથી ૧૬,૧૦૭ એમ કુલ-૧,૭૯,૮૯૬ જેટલા પોસ્ટર્સ,બેનર્સ અને દિવાલ પરના લખાણો હટાવવામા આવ્યા છે.

# ચૂંટણી ઈફેક્ટઃ તોડફોડના ડરે કોંગ્રેસ ભવનનો ઊતાર્યો કરોડોનો વીમો

અમદાવાદ,તા.૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી જેને ટિકિટ ના મળે તે દર વખતે કોંગ્રેસ કાર્યાલયે જઈ હોબાળો મચાવી, તોડફોડ કરતાં હોય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી કોંગ્રેસે તેના અમદાવાદના પાલડી સ્થિત મુખ્ય કોંગ્રેસ કાર્યાલયનો પોણા ત્રણ કરોડનો વીમો ઊતરાવ્યો છે. ચૂંટણીને ધ્યાને રાખી તાબડતોબ વીમા પ્રીમિયમ પેટે ૨૦ હજારથી વધુની રકમ પણ વીમા કંપનીને ચૂકતે કરી દેવાઈ છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી રહી છે. અત્યાર સુધીમાં ૧૦૦ બેઠકો પર સિંગલ નામો પસંદ કરી લેવાયા છે. આ વખતે કોંગ્રેસમાં દાવેદારોનો રાફડો ફાટી નીકળ્યો છે. ૧૮૨ બેઠકો પર ૧,૭૫૦થી વધુ દાવેદારો મેદાનમાં છે એટલે સ્વભાવિક છે કે, જેને ટિકિટ મળવાની નથી તે દાવેદાર પોતાના ટેકેદારો સાથે પ્રદેશ કાર્યાલયે ધસી જઈ રોષ ઠાલવે અને તોડફોડ મચાવી શકે. આ સ્થિતિને ધ્યાને રાખી કોંગ્રેસે તાબડતોબ કોંગ્રેસ ભવનના વીમા પ્રીમિયમ પેટેની ૨૦ હજારથી વધુની રકમ ચૂકતે કરી દીધી છે. આ વખતે કોંગ્રેસ ભવનનો પોણા ત્રણ કરોડનો વીમો છે. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી વખતે કોંગ્રેસ ભવનનો અઢી કરોડનો વીમો ઊતરાવ્યો હતો.

છેલ્લી ચૂંટણીઓમાં કોંગ્રેસ કાર્યાલયે તોડફોડ, ઘમસાણના દ્રશ્યોના અનુભવને ધ્યાને રાખી કોંગ્રેસે ચીવટ રાખીને તાત્કાલિક વીમા પ્રીમિયમની રકમ ભરી દીધી છે. મહત્ત્વનું છે કે, કોંગ્રેસ કાર્યાલયના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ કોંગ્રેસ કાર્યાલયની અંદર સીસીટીવી કેમેરા પણ ફીટ કરાયેલા છે. જેના થકી રેર્કિંડગ કરવામાં આવે છે. આમ તોડફોડ કરનારી ટોળકીને સરળતાથી ઓળખ થઈ શકે છે. ચૂંટણી વખતે તોડફોડની સ્થિતિમાં પોલીસ બંદોબસ્ત તો માગવામાં આવે છે પણ ખાનગી સિક્યોરિટી કંપનીની પણ મદદ લેવામાં આવે તેવા વર્તારો છે. ગત ચૂંટણીમાં પણ કોંગ્રેસે ૧૫ બાઉન્સરો કોંગ્રેસ ભવનમાં તૈનાત કર્યા હતા. છેલ્લી ઘડીએ જ્યારે પણ ઘમસાણની સ્થિતિ સર્જાય છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ કોંગ્રેસ ભવનથી ગાયબ થઈ જાય છે.

### વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને હાર્દિક-કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા

# હાર્દિક પ્રાઈવેટ અનામત આંદોલન ચલાવે છે, કોંગ્રેસ યુવાનોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે

અમદાવાદ,તા.૧

બુધવારે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને હાર્દિક પટેલ અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને બોલાવેલી પ્રેસ કોન્ફરન્સમાં સંયોજક સી.કે. પટેલ સહિત પાટીદારોની વિવિધ છ સંસ્થાઓના ૨૫ જેટલાં આગેવાનો હાજર હતા. જેમાં સી.કે. પટેલે જણાવ્યું હતું કે, સરકારે પાટીદારોની ચાર માગણીઓ સ્વીકારી લીધી છે. અત્યારે હાર્દિક જે આંદોલન કરી રહ્યો છે તે તેનું પ્રાઈવેટ અનામત આંદોલન છે. તે સમાજના યુવાનોને ગુમરાહ કરી રહ્યો છે, તેની પાછળ કોંગ્રેસનો ટેકો છે.

સી.કે. પટેલે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલ સમાજને મહોરું બનાવીને તેની ઈમેજ ઓછી કરી રહ્યો છે. તે પોતાનો રાજકીય રોટલો શેકી રહ્યો છે. પરંતુ સમાજ એને નહીં સ્વીકારે હાર્દિક પટેલના આંદોલનમાં



આજે પણ જે ભીડ ભેગી થાય છે તેનું મુખ્ય કારણ એ છે કે સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા સમાજ સુધી સાચો પ્રચાર થતો નથી. સમાજના ગુમરાહ થયેલા પાટીદાર યુવાનોને પાછા લાવવા માટે સમાજ દ્વારા વિવિધ પ્રયત્ન કરવામાં આવશે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને આજે છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલી પાટીદાર અનામતની માંગણીના આંદોલનને બંધ કરવાની જાહેરાત કરી બંધારણીય રીતે પાટીદારોને ઓબીસીમાં અનામત આપવાની લડત ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. કોંગ્રેસને આડકતરી રીતે ધમકી આપતાં જણાવ્યું હતું કે, પાટીદાર મસાજને અંદરોઅંદર લડાવવાનો ધંધો બંધ કરો. સમાજને ગેરમાર્ગે ન દોરો. પાટીદાર સમાજમાં સૌથી મોટો પ્રશ્ન સમાજિક સમરસતાનો છે. આ સમરસતા જાણવી રાખવા માટે પાટીદારોની વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે.